# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


SGCCI

---

રેફ નં. તા: ૨૮/૦૨/૨૦૨૪

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# આવકવેરા અધિનિયમની કલમ 43B(h)ના અમલીકરણને એક વર્ષ સુધી લંબાવવા ભારત સરકારના રેવન્યુ સેક્રેટરી સમક્ષ રજૂઆત

**ચેમ્બર પ્રમુખ રમેશ વઘાસિયા, ઉપ પ્રમુખ વિજય મેવાવાલા અને માનદ્ ખજાનચી કિરણ ઠુમ્મર સહિતના પ્રતિનિધિ મંડળે નવી દિલ્હી ખાતે ભારત સરકારના રેવન્યુ સેક્રેટરી સંજય મલ્હોત્રાને રૂબરૂ રજૂઆત કરી ઉદ્યોગકારોને રાહત આપવા વિનંતી કરી**

**ચેમ્બર પ્રમુખે જીએસટીને લગતા નાના – મોટા પ્રશ્નોને પણ ઝડપથી ઉકેલવા રેવન્યુ સેક્રેટરી રજૂઆત કરી જીએસટીના નવા નંબર લેવામાં તેમજ ફોર્મ ફાઇલીંગમાં જે પ્રશ્ન ઉદ્‌ભવે છે તેના નિરાકરણ માટે સિસ્ટમમાં જરૂરી સુધારા કરવા માટે વિનંતી કરી**

**ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા રેવન્યુ સેક્રેટરી સંજય મલ્હોત્રાને સુરતના ઉદ્યોગકારો સાથે સંવાદ કરવા સુરત આવવા આમંત્રણ અપાયું, જેનો તેઓએ સહર્ષ સ્વીકાર કર્યો**

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખ રમેશ વઘાસિયા, ઉપ પ્રમુખ વિજય મેવાવાલા અને માનદ્ ખજાનચી કિરણ ઠુમ્મર સહિતના પ્રતિનિધિ મંડળે મંગળવાર, તા. ૨૭ ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ નવી દિલ્હી ખાતે ભારત સરકારના રેવન્યુ સેક્રેટરી સંજય મલ્હોત્રા સાથે રૂબરૂ મુલાકાત કરી

આવકવેરા અધિનિયમની કલમ 43B(h)ના અમલીકરણને એક વર્ષ સુધી લંબાવવા માટે રજૂઆત કરી લઘુ ઉદ્યોગકારોને રાહત આપવા માટે વિનંતી કરી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ રમેશ વઘાસિયાએ જણાવ્યું હતું કે, આવકવેરા અધિનિયમની કલમ 43Bમાં (h)નો ઉમેરો કરવામાં આવ્યો છે અને તેનો નાણાંકીય વર્ષ ૨૦૨૩–૨૪થી અમલ કરાયો છે. આ નિયમને કારણે માર્કેટમાં અફરાતફરી મચી છે અને નાના ઉદ્યોગકારો પાસેથી ધંધો છીનવાઇ જતો દેખાય છે તે પ્રકારની રજૂઆત ચેમ્બર ઓફ કોમર્સને મળી હતી. ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા આવકવેરા અધિનિયમની સેકશન ૪૩બી(એચ) વિશે ચર્ચા વિચારણા માટે લઘુ ઉદ્યોગકારો અને વેપારીઓ સાથે મિટીંગ કરી હતી, જેમાં લઘુ ઉદ્યોગકારો અને વેપારીઓ દ્વારા એક વર્ષ માટે આ સેકશનનો અમલ લંબાવવા માટે રજૂઆત કરાઇ હતી, આથી ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા નવી દિલ્હી ખાતે ભારત સરકારના રેવન્યુ સેક્રેટરી સંજય મલ્હોત્રાને રૂબરૂ મળીને આ સંદર્ભે રજૂઆત કરવામાં આવી હતી.

ચેમ્બર પ્રમુખે ભારત સરકારના રેવન્યુ સેક્રેટરી સાથે આવકવેરા અધિનિયમની સેકશન ૪૩બી(એચ)માં કેટલીક બાબતોમાં લઘુ ઉદ્યોગકારો અને વેપારીઓ દ્વારા ચેમ્બર ઓફ કોમર્સને મળેલી રજૂઆતને સંદર્ભે સુધારા – વધારા કરવા માટે ચર્ચા કરી હતી. આ સેકશનનો ઉદ્દેશ્ય લઘુ ઉદ્યોગકારો તેમજ નાના વેપારીઓને લાભ થાય તે માટેનો ચોકકસ છે પણ એના અમલીકરણમાં ઉદ્યોગ આધારિત કેટલાક સુધારાઓનો અવકાશ છે. જેથી કરીને ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા રેવન્યુ સેક્રેટરીને રજૂઆત કરી આ નિયમની અમલવારી એક વર્ષ સુધી લંબાવવામાં આવે તેવી વિનંતી કરાઇ હતી. ઇન્ડસ્ટ્રીના તમામ સેકટર તેમજ તેની આખી વેલ્યુ ચેઇનને ઇન્વોલ્વ કરીને બધાને સાંકળવામાં આવે તો વેપારીઓની મૂંઝવણ દૂર થશે અને લઘુ ઉદ્યોગકારો અને વેપારીઓને તેનો ચોકકસપણે લાભ થશે તે અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

આ ઉપરાંત જીએસટીને લગતા નાના – મોટા પ્રશ્નો અંગે પણ રેવન્યુ સેક્રેટરીને રજૂઆત કરવામાં આવી હતી. જીએસટીના પ્રશ્નો ઝડપથી ઉકેલાય અને નવા નંબર લેવામાં તેમજ ફોર્મ ફાઇલીંગમાં જે પ્રશ્ન ઉદ્ભવે છે તે ન ઉદ્ભવે તે માટે સિસ્ટમમાં જરૂરી સુધારા કરવા માટે પણ વિનંતી કરવામાં આવી હતી. અમુક ફ્રોડ થવાને કારણે બોગસ બિલીંગ તથા બોગસ આઇટીસી ક્રેડિટ લેવાની ઘટનાઓને કારણે જેન્યુન વેપારીઓને નુકસાન થઇ રહયું છે, જેની અસર ધંધા પર પડતી હોવાથી સિસ્ટમમાં જરૂરી સુધારા કરવા માટે પણ વિનંતી કરવામાં આવી હતી.

તદુપરાંત ચેમ્બર પ્રમુખે સુરતના વિકાસની માહિતી રેવન્યુ સેક્રેટરીને આપી હતી. તેમણે સુરતના ઉદ્યોગકારો સાથે મિટીંગ કરી તેઓને માર્ગદર્શન આપવા માટે સુરતની મુલાકાત લેવા માટે વિનંતી કરી હતી, જેનો રેવન્યુ સેક્રેટરીએ સહર્ષ સ્વીકાર કર્યો હતો. વધુમાં, ચેમ્બર પ્રમુખે તેઓની સમક્ષ SGCCI ગ્લોબલ કનેકટ મિશન ૮૪નું પ્રેઝન્ટેશન કર્યું હતું અને ભારતની અર્થવ્યવસ્થાને વધારે મજબૂત કરવાની દિશામાં ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા થઇ રહેલા પ્રયાસોથી તેઓને વાકેફ કર્યા હતા. રેવન્યુ સેક્રેટરી સંજય મલ્હોત્રા મિશન ૮૪થી ખૂબ જ પ્રભાવિત થયા હતા અને સુરતના ઉદ્યોગકારો સાથે સંવાદ કરવા માટે તેમણે સુરત આવવાની ખાત્રી આપી હતી, આથી નજીકના ભવિષ્યમાં તેઓ સુરત આવશે અને ઉદ્યોગકારો અને વેપારીઓ સાથે રૂબરૂ સંવાદ કરી તેઓને જરૂરી માર્ગદર્શન આપશે.